## સઢા પંચાયતના તલાટીનો વિદાય સમારંભ યોજાયો...



હિંમતનગર તાલુકાના સઢા ગ્રામ પંચાયતમાં તલાટી તરીકે ફરજ બજાવતા સરોજબેન પ્રજાપતિની તાજેતરમાં હિંમતનગરના નવલપુર ગામે બદલી થતા તેમનો સઢા વારાહી મંદિર હસમુખ બાવજી સમાધી સ્થળે વિદાય સમારંભ યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે સાબરકાંઠા જિલ્લા ભાજપા સંગઠન મંત્રીશ્રી મહેન્દ્રસિંહ રહેવર, ભાજપા યુવા કાર્યકર અને બી.ઝેડ.ગ્રુપના સીઈઓ ભુપેન્દ્રસિંહ ઝાલા, સઢા સરપંચ ભાવનાબા રાજેન્દ્રસિંહ રાઠોડ, ગ્રામપંચાયતના સદસ્યો તેમજ સ્થાનિક ગ્રામજનો ઉપસ્થિત રહી તલાટીશ્રી સરોજબેન પ્રજાપતિની આપેલી સેવાઓને બિરદાવી વોશિંગ મશીન ભેટ સ્વરૂપે આપી તેમને શાલ ઓઢાડી સન્માન કર્યું હતું. તેમજ નવા ફરજ પર હાજર થયેલ તલાટીશ્રી બકુલબા સીસોદીયાનું પુષ્પકુંજથી સ્વાગત કરવામાં આવ્યું હતું.

## શ્રી કટલરી કરિયાણા મર્ચન્ટ સહકારી શરાફી મંડળીનો રજતજયંતી મહોત્સવ પ્રસંગ પૂર્વે મ્યુઝિકલ નાઈટ યોજાઈ



શ્રી કટલરી કરિયાણા મર્ચન્ટ સહકારી શરાફી મંડળી લિ. મોડાસા દ્વારા રજત જયંતિ પર્વની પૂર્વ સંધ્યાએ સ્વરૂપ દત્ત મ્યુઝીકલ નાઈટ નું આયોજન કરવામાં આવ્યું હતું આ પ્રસંગે મંડળીને રજત જયંતિ પર્વ પ્રસંગે મંડળીના સભાસદો, એસોસિએશનના સભ્યો, આમંત્રિત મહેમાનો, મોડાસા નગરની વિવિધ સંસ્થાઓના પ્રતિનિધિઓ પરિવાર સહિત ઉપસ્થિત રહ્યા હતા અને કાર્યક્રમને માણ્યો હતો. આ પ્રસંગે કાર્યક્રમની શરૂઆતમાં વર્ષ દરમિયાન મંડળીને વિવિધ કાર્યક્રમો કરવા માટે તથા સોવિનિયન પ્રકાશિત કરવા માટે આર્થિક યોગદાન આપનાર દાતાશ્રીઓનું પણ બુકે અને શાલથી શ્રી પંકજભાઈ બુટાલા, સીઈબી શ્રી ઈસ્માઈલભાઈ દાદુ, વાઈસ ચેરમેન નવીનભાઈ શાહ, મેનેજિંગ ડિરેક્ટર રમણભાઈ પ્રજાપતિ તથા એસોસિએશનના પ્રમુખ કિરીટભાઈ શાહના હસ્તે સન્માન કરવામાં આવ્યું હતું. જેનું સંચાલન મુકુન્દ શાહે કર્યું હતું.

## પ્રાંતિજ અવરઓન ઈંગ્લીંશ મીડીયમ સ્કુલનું ગૌરવઃ અંડર-૧૭ સ્પર્ધામા દ્વિતીય સ્થાન મેળવ્યો




સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે આવેલ અવરઓન ઈંગ્લિશ મિડીયમ સ્કુલ ની ગર્લ્સ ટીમ અંડર ૧૭ મા દ્વિતીય સ્થાન પ્રાપ્ત કર્યુ. પ્રાંતિજ રેલ્વેસ્ટેશન વિસ્તાર મા આવેલ અવરઓન ઈંગ્લિશ મિડીયમ સ્કુલ ની ગર્લ્સ ટીમ ફુટબોલ ટુર્નામેન્ટ અંડર-૧૭ મા દ્વિતીય સ્થાન મેળવ્યુ તો મંડળ ના મંત્રી રઈશભાઈ કસ્બાતી તથા પ્રિન્સીપાલ દર્શિલ ભાઈ દેસાઈ તથા સ્ટાફ દ્વારા ગર્લ્સ ટીમ ને તથા કોચ ને શુભેચ્છાઓ શુભકામનાઓ પાઠવી હતી.

## પ્રાંતિજના દલપુર દુધ મંડળીના ચેરમેન વાઈસ ચેરમેન બિનહરીફ થયા



સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના દલપુર ગામે આવેલ દુધ મંડળીમા ચેરમેન તથા વાઈસ ચેરમેન બિનહરીફ થયા. પ્રાંતિજના દલપુર ખાતે આવેલ દુધ મંડળી ચેરમેન તરીકે પ્રજાપતિ અરવિંદભાઈ ડાહ્યાભાઈ તથા વાઈસ ચેરમેન તરીકે સોલંકી સરદારસિંહ ઉદેસિંહ ની બીન હરીફ વરણી થઈ તો આ પ્રસંગે તાલુકા પંચાયત સદસ્ય ઉપેન્દ્રસિંહ, આશિષભાઈ પટેલ, ડેપ્યુટી સરપંચ દાનસિંહ, મેહુલસિંહ સોલંકી સહિત દુધ મંડળીના સભ્યો સર્મથકો ઉપસ્થિત રહ્યા હતા અને ચેરમેન વાઈસ ચેરમેન ને શુભેચ્છાઓ શુભકામનાઓ પાઠવી હતી.

## મોડાસાના માલપુર રોડ પર ૩ બુકાનીધારીઓએ ગનની અણીએ કર્યો લૂંટનો પ્રયાસ



અરવલ્લી જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા કથળી હોય તેવું લાગી રહ્યું છે. ચોરી અને હત્યા જેવી ઘટનાઓ ઘટ્યા બાદ હવે ધોળા દહાડે લુટ ની ઘટના સામે આવી છે. મોડાસા શહેરના પોશ વિસ્તાર ગણાતા માલપુર રોડ પર આવેલી ક્રિષ્ના કોર્નરમાં ત્રણ જેટલા બુકાનીધારી તત્વો આવી પહોંચ્યા હતા અને દુકાનદારને માર મારીને લૂંટની ઘટનાને અંજામ આપવાનો પ્રયાસ કર્યો. પ્રત્યક્ષ દર્શીઓના જણાવ્યા અનુસાર માલપુર રોડ ઉપર આવેલા ક્રિષ્ના કોર્નર ખાતે ત્રણ જેટલા ઈસમો આવી પહોંચ્યા હતા અને દુકાનમાં પહોંચીને ઘરની અણીએ લૂંટની ઘટનાને અંજામ આપવાનો પ્રયાસ કર્યો હતો, જો કે મામલો બિચકતા દુકાનદાર ના માથાના ભાગે હથોડાથી ઘા કર્યો હતો જેને કારણે માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી. ઘટનાની જાણ થતા આસપાસના લોકો દોડી આવ્યા હતા અને લૂંટ કરવા માટે આવેલા ઈસમોને પકડવાનો પ્રયાસ કર્યો હતો જો કે આ ત્રણેય ઈસમો બાઈક લઈને નાસી છૂટ્યા હતા. લૂંટના ઈરાદે આવેલા શખ્સો પાસે ગન હોવાનું પણ પ્રત્યક્ષ એ જણાવ્યું હતું. મોડાસા શહેરમાં ધોળા દહાડે થયેલી લૂંટના પ્રયાસની ઘટનાને લઈને હવે પોલીસની કામગીરી પર સવાલ ઉઠી રહ્યા છે.

### સાબરકાંઠા જિલ્લામાં સીઝનનો સૌથી વધુ ૩૬.૩૫ ટકા વરસાદ

# ઉત્તર ગુજરાતમાં ૧૬ જુલાઈ સુધીમાં ગત વર્ષ કરતાં ૧૨ ટકા વધુ વરસાદ વરસ્યો વરસાદ

### વિરામ લેતાં ખેડૂતો ખેતી કામમાં જોડાયા



બાયડ (બ્યુરો ઓફિસ), તા.૧૮

ઉત્તર ગુજરાતમાં તા.૧૬ જુલાઈ સુધીમાં ગત વર્ષ કરતાં ૧૨.૧૫ ટકા વધુ વરસાદ વરસ્યો છે જેના કારણે ખરીફ ખેતીનું ચિત્ર વધુ મજબૂત બન્યું છે. ૫ જિલ્લામાં સાબરકાંઠા જિલ્લામાં સૌથી વધુ ૩૬.૩૫ ટકા અને મહેસાણામાં સૌથી ઓછો ૨૪.૪૬ ટકા વરસાદ વરસ્યો છે. ઉત્તર ગુજરાતમાં આ વર્ષે સરેરાશ ૩૧.૫૪ ટકા વરસાદ વરસ્યો છે. ગત વર્ષે માત્ર ૧૯.૩૯ ટકા વરસાદ વરસ્યો હતો. છેલ્લા ૧૬ કલાકથી વરસાદે વિરામ લેતાં રવિવારથી ખેડુતો ખેતી કામમાં જોડાયેલા જોવા મળ્યા.

ઉત્તર ગુજરાતમાં વરસાદની સ્થિતિ(તા.૧૬ જુલાઈ સુધી)

| જિલ્લો | વર્તમાન વરસાદ | ગત વર્ષનો વરસાદ |
|---|---|---|
| સાબરકાંઠા | ૩૬.૩૫ ટકા | ૧૭.૪૫ ટકા |
| અરવલ્લી | ૩૩.૦૭ ટકા | ૧૧.૯૮ ટકા |
| મહેસાણા | ૨૪.૪૬ ટકા | ૧૯.૫૧ ટકા |
| બનાસકાંઠા | ૩૩.૪૩ ટકા | ૨૦.૦૪ ટકા |

સારુ ચોમાસુ હોય તો તેની સીધી અસર ધંધા-રોજગાર ઉપર પણ જોવા મળતી હોય છે. ગત વર્ષે નબળા ચોમાસાના કારણે દિપમાલા પર્વમાં તેની માઠી અસરો લાંબા સમય સુધી જોવા મળી હતી. આ વર્ષે જૂન પછી જુલાઈ મહિનામાં વરસાદની ઘટ પૂરાંત કરવાવાળો વરસાદ વરસતાં ધરતીપુત્રોમાં ખુશાલી જોવા મળી છે. ગત વર્ષ કરતાં સારો વરસાદ છતાં જળાશયોમાં પાણીની ધોધમાર આવક નોંધાઈ નથી તે પણ નક્કર હકીકત છે. પરંતુ સાબરકાંઠા, અરવલ્લી, પાટણ, બનાસકાંઠા અને મહેસાણા જિલ્લામાં આજે પણ મોટાભાગની ખેતી ચોમાસા ઉપર નિર્ભર હોય છે. જુલાઈના આરંભથી ઉત્તર ગુજરાતના અનેક વિસ્તારોમાં વાવણી લાયક વરસાદ વરસ્યો અને ધીરે ધીરે ખરીફ વાવેતરમાં વધારો થઈ રહ્યો છે. પાછલા ૨ દિવસ દરમ્યાન સીઝનમાં એકંદરે સારા વરસાદથી ઉત્તર ગુજરાતમાં લહેરાતા ખરીફ વાવેતરને એક પખવાડીયા સુધીનું જીવતદાન મળી ગયું છે. ગત વર્ષે ૫ જિલ્લામાં તા.૧૬ જુલાઈ સુધીમાં સરેરાશ ૯૬.૯૫ ટકા વરસાદ વરસ્યો હતો. આ વર્ષે ૧૫૭.૭૧ ટકા વરસાદ વરસ્યો છે. એટલે કે ગત સીઝન કરતાં આ વર્ષે ૧૨.૧૫ ટકા વધુ વરસાદનો ખરીફ પાકને મોટો ફાયદો થવાની ધારણા છે.

### વરસાદી માહોલ : શ્રમજીવીઓને રોજગારી માટે ફાંફાં

# જિલ્લાના માર્કેટયાર્ડોમાં ખેતપેદાશની આવક બંધ થતાં ૨૦૦૦થી વધુ શ્રમજીવીઓએ રોજગારી ગુમાવી

બાયડ (બ્યુરો ઓફિસ), તા.૧૮

જિલ્લામાં વરસાદી માહોલના કારણે છેલ્લા દોઢ સપ્તાહથી માર્કેટયાર્ડોમાં ખેતપેદાશની આવક બંધ જેવી સ્થિતિ છે. જ્યારે વેપારીઓ દ્વારા પણ સંગ્રહીત માલ અન્ય જિલ્લા અને રાજયમાં ચોમાસાના કારણે મોકલવાનું બંધ રાખતાં ૨૦૦૦થી વધુ શ્રમજીવીઓએ રોજગારી ગુમાવ્યા જેવી સ્થિતિ સામે આવી છે.



પ્રાપ્ત જાણકારી અનુસાર ચોમાસુ આવે એટલે ખાસ કરીને સીઝનેબલ ધંધામાં કામ કરતા શ્રમજીવીઓને રોજગારી ઉપર ગ્રહણ આવી જાય છે. ચોમાસુ આવે એટલે ખેડૂતો ખરીફ ખેતીમાં જોતરાઈ જાય છે અને ખેતપેદાશ યાર્ડમાં આવીને વેચવાનું ટાળતા હોય છે. જિલ્લામાં છેલ્લા ૬ દિવસથી વરસાદી માહોલ છે અનેક માર્કેટયાર્ડમાં વરસતા વરસાદના કારણે પાણી ભરાયાં હતાં હવે પાણી ઓસર્યા છે પરંતુ ખેતપેદાશ વેચવા માટે ખેડૂતો ન આવતાં અનેક વેપારીઓને ખરીદીનું મૂહર્ત ન હોય તેવી સ્થિતિ આવી પડી છે. જિલ્લાના મોડાસા, તલોદ, ઈડર, હિંમતનગર, વડાલી, ખેડબ્રહ્મા, વિજયનગર, ભિલોડા, માલપુર, મેઘરજ, બાયડ, ધનસુરા તથા તેના સબયાર્ડ ચોમાસાના કારણે ખેડૂતો ખેતપેદાશ વેચવા આવતા નથી જેથી અનેક શ્રમજીવીઓની રોજગારી વરસાદે છીનવી લીધી હોય તેવી સ્થિતિ છે. જિલ્લાના ૧૩ યાર્ડ અને સબયાર્ડમાં કામ કરતા ૨૦૦૦થી વધુ શ્રમજીવીઓને અત્યારે તો રોજગારી મેળવવાના ફાંફા છે. આવા સંજોગોમાં સરકાર તેમજ સહકાર વિભાગે પણ શ્રમજીવીઓને નિયમિત રોજગારી મળે તેવું આયોજન કરવું રહ્યું. વરસાદી માહોલના કારણે માર્કેટયાર્ડોને શેષ ફી ની આવકમાં મોટો ફટકો પડ્યો છે.

## ભારત તેલ ઉત્પાદક દેશો માટે મોટું ટેન્શન ઉભું કરવાની તૈયારી કરી રહ્યું છે

### થર્ડ અમ્પાયરની દ્રષ્ટિએ....?

બાયડ તા.૧૮

ભારતના માર્ગ અને પરિવહન મંત્રી નીતિન ગડકરીજી દાવા સાથે કહે છે કે પાંચ વર્ષ પછી ભારતને ક્રૂડ ઓઈલની આયાત નહિ કરવી પડે!! પણ, ભારત જે રીતે પેટ્રોલ-ડીઝલના વિકલ્પ તરીકે ગ્રીન હાઈડ્રોજન, ઈથેનોલ, ઈલેક્ટ્રિક કારની દિશામાં સંશોધન કરી રહ્યું છે તે જોતા એવું લાગી રહ્યું છે કે ભારતને આવતા ૧૦ વર્ષમાં જરૂર સફળતા મળશે... જો એવું થઈને રહેશે તો ભારતનો વિશ્વમાં દબદબો રહેશે. ભારત પોતાના વિદેશી મૂડીનો ૨૫% હિસ્સો તો બચાવશે ઉપરાંત તેમને તેલ ઉત્પાદક દેશોની કોઈ ગરજ નહિ રહે!! તે ઉપરાંત ભારત અન્ય દેશોને પણ પેટ્રોલ-ડિઝલનો વિકલ્પ આપી શકશે... ભારત આત્મનિર્ભર થવાની દિશામાં ખૂબ વેગ પકડશે તે નક્કી છે.

વર્તમાન ભારતની સૌથી મોટી કમજોરી એ છે કે ભારતની વાતમાં "દમ" તો છે પણ ભારત પાસે "તેલ" નથી!! વિશ્વ માટે "તેલ" અનિવાર્ય અને આવશ્યક વસ્તુ બની ગઈ છે... તમે જોઈ લ્યોને તેલ છે તો ખાડીના દેશો કેવો રંગ બતાવી રહ્યા છે!! આરબના દેશો પાસે "તેલ" છે અને થોડાક "ખજૂર" છે બાકી તો ઊંચી ડોક કરીને ફરતા "ઊંટ" જ છે!! છતાંય આરબ દેશોના પાવર અને દબદબાને આપણે જોઈ રહ્યા છીએ... ક્રૂડ ઓઈલનો વિકલ્પ મળતા તેમનો બધોજ રુઆબ ઉતરી જશે. ભારત પેટ્રોલ-ડિઝલનો વિકલ્પ દુનિયાને આપવા સમર્થ છે અને જો તેવું બનીને રહ્યું તો આરબ દેશો ક્યારેય "નૂપુર" નો તો શું "કંગન" નો પણ વિરોધ કરવાને લાયક નહિ રહે... સાઉદીયા, ઈરાન, ઈરાક, ઓમાન, બહેરીન, કતાર, મસ્કત જ નહીં પણ તેલનો વિકલ્પ અમેરિકા, રશિયા, બ્રાઝીલ સહિતના બે ડઝન દેશોને માટે માથાનો દુખાવો બનીને રહી જશે કે જેઓ ખૂબ મોટું હૂંડિયામણ તેલમાંથી મેળવી રહ્યા છે!!

અત્યારે ભારત વિશ્વનું સૌથી મોટું તેલ આયાત કરનારું રાષ્ટ્ર છે. ભારત વિપુલ પ્રમાણમાં આરબ દેશો, અમેરિકા, રશિયામાંથી તેલ આયાત કરી રહ્યું છે. ભારતનો બહુ મોટો પૈસો તેલ ખરીદીમાં જતો રહે છે. ૧૦ વર્ષ પછી આ રકમ ભારતના ખિસામાં રહેશે... તેથીય મોટી વાત ભારત માટે એ રહેશે કે ભારતને કોઈના અહેસાનમાં નહિ રહેવું પડે.... પેટ્રોલ-ડીઝલ અતિ આવશ્યક ચીજ વસ્તુ છે અને તેના વગર જનજીવન શૂન્ય બરાબર છે, ભારત દરેક રીતે સક્ષમ છે પરંતુ પેટ્રોલ-ડીઝલની વાતમાં બીજા ઉપર નિર્ભર રહ્યું છે... પેટ્રોલ-ડિઝલનો વિકલ્પ ભારત માટે આશીર્વાદ સાબિત થઈને રહેશે તે ચોક્કસ છે!! અને તેલ ઉત્પાદકો માટે ટેનસન ઉભું થવાનું છે...

આજે ભારત પાસે પેટ્રોલ ડીઝલ પર્યાપ્ત હોત તો આજે પણ ભારત મહાસત્તાથી દૂર નથી. પેટ્રોલ ડીઝલ ભારતની કમજોરી રહી છે ત્યારે નીતિન ગડકરી જેવા મોદી સરકારના સૌથી ખંતિલા અને વિશ્વાસુ મંત્રી આ વિષય ઉપર ખૂબ મહેનત કરી રહ્યા છે ત્યારે તેઓ ખરેખર શાબાશીને લાયક છે!! "ઈશ્વરને પ્રાર્થના કે ગડકરી સાહેબ જે વિષયને લઈને આગળ વધી રહ્યા છે તેમાં તેઓ સફળ થઈને રહે..." પેટ્રોલ-ડીઝલનો વિકલ્પ ભારતને મોટી ઊંચાઈએ લઈ જશે, ભારત કોઈનું ઓશિયાળુ નહિ રહે અને કોઈના દબાણમાં પણ નહીં રહે તેવું ભારત આવનાર ૧૦ વર્ષમાં જોવા મળશે... ગડકરી સાહેબની સોચ્, વિચાર, ધગશ, પરિશ્રમનો કોઈ વિકલ્પ નથી એટલે તેઓ પેટ્રોલ-ડિઝલનો વિકલ્પ શોધીને જ રહેશે.... ઉજ્જવળ ભારતની દરેક ભારતીયને ખૂબ ખૂબ શુભેચ્છા...

### સર્વત્ર લીલી ચાદર પથરાતાં પ્રકૃતિ પ્રેમીઓ મલકાયા

## જિલ્લામાં ક્યારેક વાદળો તો ક્યારેક તડકામાં વરસાદી ઝાપટાં : પિકનીક સ્થળે માનવ મહેરામણ ઉમટયો

બાયડ (બ્યુરો ઓફિસ), તા.૧૮

જિલ્લામાં વરસાદનું જોર ઘટ્યું છે પરંતુ રવિવારે અનેક વિસ્તારમાં ક્યારેક વાદળો તો ક્યારેક તડકા વચ્ચે ઝરમરીયા વરસાદનાં ઝાપટાં વરસતાં રહ્યાં હતાં. રવિવાર હોવાથી અનેક લોકોએ વન-ડે પિકનીકનું આયોજન કરતાં વિજયનગર પોળો, શામળાજી અને બાયડના ઝાંઝરીમાં બપોર બાદ માનવ મહેરામણ જોવા મળ્યો.



જિલ્લામાં એકંદરે જુલાઈના પ્રથમ બે સપ્તાહમાં સારા વરસાદ પછી સર્વત્ર કુદરતની લીલી ચાદર પથરાતાં જ્યાં નજર પહોંચે ત્યાં હરિયાળી જોવા મળી રહી છે. જેના કારણે પ્રકૃતિ પ્રેમીઓમાં મલકાટ જોવા મળ્યો. ચોમાસામાં અનેક પરિવારોએ ખાસ કરીને રવિવારે વન-ડે પિકનીકનું આયોજન કરતા હોય છે. ગત સમી સાંજથી અનેક વિસ્તારોમાં વરસાદના ખમૈયા પછી રવિવારે વાદળોની સંતાકૂકડી વચ્ચે તડકો અને ઝરમરીયા વરસાદની અનેક લોકોએ મોજ માણી હતી અને પર્યટક સ્થળોએ પહોંચ્યા હતા જેના કારણે પર્યટક સ્થળે બપોર બાદ માનવ ભીડ વધુ જોવા મળી. મોટાભાગનો જનસમુદાય પોળો જંગલ વિસ્તાર, શામળાજી, ઝાંઝરી સહિતના વિસ્તારોમાં જોવા મળ્યો. જ્યારે અનેક લોકોએ અમેરીકન મકાઈ તથા ચનાજોર ગરમ, લીલી મગફળી, કચ્છની મીઠી ખારેકની પર્યટક સ્થળે મોજ માણયાનું જાણવા મળ્યું છે. દિવસ દરમ્યાન તડકા અને ઝાપટાં વચ્ચે પણ ભયંકર બફારો અનુભવાતો હોવાથી હજુ પણ જિલ્લામાં ધોધમાર વરસાદ વરસશે તેવી સંભાવના અનેક લોકોએ વ્યક્ત કરી છે.

## ઈડર તાલુકાની એકલારા હાઈસ્કૂલની ધો.૧૦ની મોનિટરને અપશબ્દો બોલ્યા

### તેના ભાઈ ઉપર ૪ વિદ્યાર્થીઓનો હુમલો : મામલો પોલીસ સ્ટેશને પહોંચ્યો

બાયડ (બ્યુરો ઓફિસ), તા.૧૮

- ઈડર તાલુકાની એકલારા હાઈસ્કુલની ધો.૧૦ની મોનિટર બોર્ડ ઉપર આકૃતિ દોરતી હતી ત્યારે કલાસરુમમાં અભ્યાસ કરતા અન્ય સહાધ્યાયીઓએ તું મોનિટર થઈને ચક શું કામ બગાડે છે તેમ કહી જાતિવિષયક અપમાનિત શબ્દો બોલતાં આ અંગે ઠપકો આપવા ગયેલા તેના ભાઈ ઉપર ૪ વિદ્યાર્થીઓએ હુમલો કરતાં મામલો જાદર પોલીસ સ્ટેશને પહોંચ્યો છે.

પ્રાપ્ત જાણકારી અનુસાર ઈડર તાલુકામાં શૈક્ષણિક સંકુલમાં જાતિ વિષયક અપશબ્દો બોલવાની ચકચારી ઘટના પ્રકાશમાં આવી છે. જાદર પોલીસ સ્ટેશનથી મળેલી જાણકારી મુજબ શ્રીમતી એસ.બી.શાહ હાઈસ્કુલ-એકલારામાં ધો.૧૦માં અભ્યાસ કરતી પ્રિયાંશી મુકેશભાઈ પરમારને મોનિટર બનાવવામાં આવી હતી. ગત તા.૧ ના રોજ તે હાઈસ્કૂલમાં ક્લાસરુમમાં બોર્ડ ઉપર આકૃતિ દોરતી હતી તે સમયે કેટલાક વિદ્યાર્થીઓએ તું મોનિટર થઈને શું કામ ચોક બગાડે છે તેમ કહી જાતિ વિષયક અપશબ્દો કહ્યા હતા. જેથી પ્રિયાંશીના ભાઈ આર્યન પરમારને શાળાની બહાર કેટલાક વિદ્યાર્થીઓએ ભેગા મળી હુમલો કરી માથા તથા શરીરના ભાગે ઈજા પહોંચાડી હતી. ધો.૯ થી ૧૧ માં અભ્યાસ કરતા કેટલાક વિદ્યાર્થીઓએ હુમલો કર્યાની વિગતો પ્રકાશમાં આવતાં પંથકમાં હલચલ મચી ગઈ હતી. આ અંગે આર્યન મુકેશભાઈ પરમારની ફરિયાદના આધારે જાદર પોલીસે ધો.૧૦માં અભ્યાસ કરતા ૪ વિદ્યાર્થીઓ સહિત અન્ય ૩ - ઈસમો સામે એટ્રોસીટી એક્ટ મુજબ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. ઈડર તાલુકાના ઈતિહાસમાં કોઈપણ શાળાના વિદ્યાર્થીઓ સામે એટ્રોસીટી નોંધાયાની પ્રથમ વિગત સામે આવી છે.

## સુઈગામ ખાતેમાં નડેશ્વરીના સાનિધ્યમાં બનાસકાંઠા જિલ્લા ભાજપની કારોબારી





પાલનપુર તા. ૧૮

ગુજરાત રાજયના બનાસકાંઠા જિલ્લાના સરહદી વિસ્તારના નડાબેટ ખાતે માં નડેશ્વરીના ચરણોમાં બનાસકાંઠા જિલ્લા ભાજપની કારોબારી બેઠક મળી હતી.આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના બ્યુરો ચીફ શ્રી ગણપતલાલ કે. જોષી પાલનપુર નો અહેવાલ જણાવે છે કે, બનાસકાંઠા ભાજપ પદાધિકારીશ્રીઓની બેઠક જિલ્લા ભાજપના યશસ્વી અધ્યક્ષશ્રી ગુમાનસિહજી ચૌહાણની અધ્યક્ષતામાં ઉર્જાસભર વાતાવરણમાં મળી હતી.

આ પ્રસંગે પ્રદેશ ભાજપના કોર ગ્રુપના સભ્ય - બનાસડેરીના ઉર્જાવાન ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરી, પ્રદેશ ભાજપ ઉપાધ્યક્ષ - જિલ્લા પ્રભારીશ્રી નંદાજી ઠાકોર, પ્રદેશ ભાજપ મંત્રી શ્રી નૌકાબેન પ્રજાપતિ, જિલ્લા પ્રભારી શ્રી સુરેશભાઈ શાહ, શિક્ષણ રાજ્યમંત્રીશ્રી કિર્તીસિંહજી વાઘેલાએ આગામી સંગઠનાત્મક કાર્યક્રમો અંગે તેમજ સરકારશ્રીની વિવિધ કલ્યાણકારી યોજનાઓ અંગે સુંદર માર્ગદર્શન આપ્યું. આ બેઠકમાં ભાજપના હોદેદારો - આગેવાનો - પૂર્વ સાંસદ શ્રી, પૂર્વ ધારાસભ્યશ્રીઓ - સહકારી આગેવાનો સહિત સૌ અપેક્ષિત શ્રેણીના કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

## ડીસામાં ગૌશાળા-પાંજરાપોળને સરકાર સહાય ન ચૂકવતા સંચાલકોનું ફરી વિરોધ પ્રદર્શન

### સહાયના બેનરો સાથે મામલતદારને આવેદનપત્ર આપ્યું

ડીસા,તા. ૧૮

બનાસકાંઠા જિલ્લામાં ફરી એકવાર ગૌશાળા અને પાંજરાપોળ સંચાલકો આંદોલન કરે તેવી સ્થિતિ સર્જાઈ છે. સરકારે ૫૦૦ કરોડ રૂપિયાની સહાય આપવાની જાહેરાત કર્યા બાદ ન ચૂકવતા આજે સંચાલકો ગાય પર સહાયની માંગનું બેનર લગાવી ડીસા મામલતદાર કચેરી પહોંચ્યા હતા. અને રામધૂન બોલાવી સરકારને સદબુદ્ધિ આવે ને સહાય જલ્દી ચૂકવાય તેવી રજુઆત કરી હતી. બનાસકાંઠા જિલ્લામાં અત્યારે ૧૭૦ જેટલી ગૌશાળા અને પાંજરાપોળ આવેલી છે જેમાં રખડતા, નિસહાય, બિનવારસી, કતલખાને જતા અને બીમાર ૮૦ હજાર જેટલા પશુઓની સાર સંભાળ થાય છે આમ તો આ ગૌશાળાઓ અત્યાર સુધી દાનની આવક પર જ નિર્ભર હતી પરંતુ કોરોના મહામારી બાદ દાનની આવક સતત ઘટી છે તેવામાં ગુજરાત સરકારે બજેટમાં ગૌશાળાઓને ૫૦૦ કરોડ રૂપિયાની સહાય ચૂકવવાની જાહેરાત કરી હતી. જેથી સરકારે સહાય કરી છે તેવું જાણી દાન આવતું પણ ઘટી ગયું છે. બીજી તરફ અત્યારે ઘાસચારાના ભાવ આસમાને પહોંચ્યો છે આવી સ્થિતિમાં પશુઓનો નિભાવ કરવો મુશ્કેલ બન્યું છે. અત્યારે સંચાલકો પશુઓ માટે ઘાસચારાની માંડ માંડ વ્યવસ્થા કરી રહ્યા છે. આ મામલે સંચાલકોએ વારંવાર રજૂઆત કરવા છતાં પણ કોઈ જ કાર્યવાહી ન થતા આખરે કંટાળેલા સંચાલકો આજે એક ગાય પર સહાયની માંગનું બેનર લગાવી મામલતદાર કચેરીએ પહોંચ્યા હતા અને રામધૂન બોલાવી સરકારને સદબુદ્ધિ આવે અને ગૌશાળા અને પાંજરાપોળને તાત્કાલિક સહાયની રકમ ચૂકવવામાં આવે તેવી રજૂઆત કરી હતી. મામલતદારને આવેદનપત્ર આપતા સંચાલકોએ જણાવ્યું હતું કે સરકારે જાહેર કરેલી સહાય ચુકવવા માટે તાત્કાલિક આયોજન નહીં થાય તો તમામ ગૌશાળા અને પાંજરાપોળમાં રહેલા ૮૦,૦૦૦ પશુઓને સરકારી કચેરીઓમાં સરકાર ભરોસે છોડી દેવાની ચીમકી પણ ઉચ્ચારી હતી.

